Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * आत्मानन्द प्रकाश *

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४३९, भाद्रपद. आत्म संवत् १८ [ अंक २ जो.

॥ ॐ ॥

## वार्षिक क्षमापना.

( શાર્દૂલ વિક્રીડિત. )

આ પર્યૂષણ પર્વમાં જિનતણા, વ્યાખ્યાનને સાંભળી,
સેવ્યાં પાપજૅસ્થાન એહ વિરમું, સાખે ગુરૂની વળી;
થાતા પૂર્ણ જ વર્ષમાં વિષમતા ભ્રાતા! તમારી કરી,
માગું માફ સૅંવત્સરે પ્રતિક્રમિ આત્મિક હર્ષે ભરી. ૧

## वसंततिलका.

यन्नाम पूतमनसां वितनोति धर्मं पापं विनाशयति कर्मचयं धुनोति।
संपादयत्यविरतं शमतां सुखेन तं पार्श्वनाथजिनपं शरणं श्रयामः ॥२॥

**ભાવાર્થ**—જેમનું નામ પવિત્ર હૃદયવાલા પુરૂષોનો ધર્મ વિસ્તારે છે, પાપ નશાડે છે, કર્મના સમૂહને કંપાવે છે અને હંમેશા સુખે શમતા પમાડે છે, તે શ્રી પાર્શ્વનાથ પ્રભુના શરણનો અમે આશ્રય કરીએ છીએ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अर्हम्

# श्री पट्ट–चतुष्कसूरिनामगर्भित
# श्री हीरविजयसूरि स्वाध्याय.

ચઉપઇ.

શ્રી પતિ પ્રણમઇ જસ પદ પદ્મ,
શ્રી જિન પ્રણમું મુંકી છદ્મ;
શ્રી ગુરૂ પ્રણમી ગુરૂ ગુણ ભણું,
શ્રી દાયક મુનિ નાયક ગુણ................॥ ૧ ॥

આજ અનોપમ આણંદ ભયો,
વિવળ વદન પેખી ગહ ગયો;
હીનાચાર નવિ દીસઇ રતી,
વિદ્યાઇં જીત્યો વૃહસ્પતી.....................॥ ૨ ॥

ણંદન કુંરા કુલ શૃંગાર,
જય જય જગગુરૂ જગદાધાર;
રત્નત્રય કેરો આધાર,
જગિ જસવાધઈ જસ વિસ્તાર ................॥ ૩ ॥

દમ શમ સંયમ લીલાવંત,
યશવાદઇ દીપઇ ભગવંત;
વિનયાદિક ગુણ રત્ન ભંડાર,
યસ નામઇ લહઇ ભવપાર ....................॥ ૪ ॥

વિસ્તરીઉ ગુરૂ ગુણ સાગરૂ,
દાન ગુણઇ જીપઇ સુરતરૂ;
જગિ જયવંતો જય સુખકરૂ,
સેવક મન પંકજ દિનકરૂ.....................॥ ૫ ॥

મન વચન કાયા કરી શુદ્ધિ,
નમતાં લહઇ વંચ્છિત ઋદ્ધિ;
યદુપતિ પરિ બ્રહ્મ વ્રત ધરઇ,
નરક પડંતા જગઉદ્ધરઇ ......................॥ ૬ ॥

લબ્ધિ ગુણિ ગોયમ અવતરો,
સૂરિગુણ છત્રીસી અલંકરો;
ગુરુગુણ મહિમા જગ વિસ્તરો,
ગુરુક્ષેમંકર મઈ ચિતિ ધરો...................॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આણંદ વિમલકારી ગુરૂ મિલો,
વિજયદાન દાતા ગુણ નિલો;
હીરવિજયસૂરિ તપગચ્છ તિલો,
વિજયસેન છઇ જસ નિર્મલો.........................॥ ૮ ॥

ગુરૂ નામ–ક્ખર શ્રેણિ કરૂ ચારિ, પદ આદ્યક્ખર નામ ચિતિ ધારી;
અચારઇ શ્રેણિ અચાર ગુરૂ નામ, સમરઇ સીઝઇ વંચ્છિત કામ. ॥ ૯ ॥

પ્રહ ઉઠી સમરો એ નામ, એ અચારઇ મંગળ અભિરામ;
ચઉગઇ દુઃખ છે દેવા ભણી, સરણ કરો એ તપગચ્છ ધણી. ॥ ૧૦ ॥

જય તપ ગચ્છ રાયા, નમઈ પાયા, રાય રાયા, સુર ધણી
ભવ ભય ચૂરણ, વંચ્છિત પૂરણ, સયલ સુખકર સુર મણી;
ત્રિજગ મધ્યઇ, એય ભવિકા, કમલ વિકસન દિન મણી,
શ્રી હીરવિજય સૂરિંદ થુણીઉ *ક્ષેમકુશલ પ્રભુ ગચ્છ ધણી. ॥ ૧૧ ॥

॥ इति ॥

* अर्हम् *

# महोपाध्याय-श्रीमद्-विनयविजय-विरचित-श्रीवीरस्तवः।

## (त्रयोदशक्रियास्थानस्वरूपगर्भितः)

[મહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી મહારાજે જેમ સ્યાદ્વાદ–મત મૂળક સમનય–સ્વરૂપ ગર્ભિત ૨૩ કાવ્યોમાં શ્રીમાન્ વીરભગવાન્‌ની સ્તુતિ કરી છે કે, જે નયકર્ણિકાના નામે પ્રસિદ્ધ છે, તેમ આ ૨૩ કાવ્યોમાં પણ તેર ક્રિયા–સ્થાનકોનું

* આ ક્ષેમકુશળમુનિએ, બીજી પણ ઘણી સજ્ઝાયો બનાવી છે, તેમાં હીરવિજય સૂરીશ્વરની અનેક પ્રકારે સ્તુતિ કરવામાં આવી છે. એ શિવાય ઉત્તરાધ્યયન સૂત્ર વિગેરેની પણ, સજ્ઝાયો રચી છે, એમના ગુરૂનું નામ મેહમુનીશ્વર હતું અને તેઓ વિજયસેન સૂરિના સામ્રાજ્યમાં વિદ્યમાન હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્ષિપ્તપણે સ્વરૂપ કથનદ્વારા વીર પ્રભુની સ્તવના કરી છે, એ ક્રિયા-સ્થાનોનું વર્ણન સૂયગડાંગ સૂત્રનાં બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં વિસ્તાર પૂર્વક કથન કરવામાં આવ્યું છે, તેમાંથી યત્કિંચિત્ સ્વરૂપ લઇ બાલ જીવોના બોધમાટે, આ સાર ગર્ભિત સ્તવન રચ્યું હોય એમ લાગે છે. ]

श्रेयःश्रियं प्राप विमुच्य यानि स्थानानि वीरो भगवान् क्रियाणाम्।
त्रयोदशानामपि किञ्चिदेषां स्वरूपमाख्याय तमीशमीडे ॥ १ ॥

જે પાપબંધ-સ્થાનોનો ત્યાગ કરી શ્રીવીર ભગવાને શ્રેયઃ-શ્રી-મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરી છે, તે ત્રયોદશ (૧૩) ક્રિયાના સ્થાનોનું કિંચિત્સ્વરૂપ કથન કરી, ત્રિલોકી-નાથ જગદ્બંધુ પરમકારૂણિક ભગવાન્ શ્રીમદ્ વીર પ્રભુની હું સ્તવના કરૂં છું.

હવે ત્રણ કાવ્યો દ્વારા તેર સ્થાનકોનાં નામ કહે છે—

सार्थकानर्थकौ दण्डौ, हिंसादण्डस्तृतीयकः।
अकस्माद्दण्ड इत्यन्यो, दृग्विपर्यास सञ्ज्ञकः ॥ २ ॥
क्रियास्थानं मृषोद्भुतमदत्तादान सम्भवम्।
आध्यात्मिकं तथा मित्रद्वेषप्रत्ययमेवतत् ॥ ३ ॥
मान-माया-लोभसञ्ज्ञान्यथेर्यापथिकीति च ।
कर्मबन्धनिधानानि स्थानान्याहुस्त्रयोदश ॥ ४ ॥

પહેલું સાર્થક દંડ નામા ક્રિયાસ્થાન ૧. બીજું અનર્થકદંડ નામા ક્રિયા સ્થાન ૨. ત્રિજું હિંસા દંડ નામા ક્રિયાસ્થાન ૩. ચોથું અકસ્માદ્ દંડ નામા ક્રિયા સ્થાન ૪. પાંચમું દ્રષ્ટિવિપર્યાસ નામા ક્રિયાસ્થાન ૫. છઠું મૃષાવાદ પ્રત્યયિક નામા ક્રિયા સ્થાન ૬. સાતમું અદત્તાદાન પ્રત્યયિક નામા ક્રિયા સ્થાન ૭. આઠમું આધ્યાત્મિક પ્રત્યયિકનામા ક્રિયાસ્થાન ૮ નવમું મિત્રદ્વેષ પ્રત્યયિકનામા ક્રિયાસ્થાન ૯ દશમું માન પ્રત્યયિકનામા ક્રિયાસ્થાન ૧૦. અગ્યારમું માયાપ્રત્યયિકનામા ક્રિયાસ્થાન ૧૧. બારમું લોભ પ્રત્યયિક નામા ક્રિયાસ્થાન ૧૨. અને તેરમું ઇર્યાપથિકી નામા ક્રિયા સ્થાન. ૧૩ એ પ્રકારે કર્મબંધના નિધાન રૂપ આ ૧૩ સ્થાનકો શ્રી જિનેશ્વરદેવે કથન કરેલાં છે. હવે અનુક્રમે એ ૧૩ સ્થાનકોનું વર્ણન કરે છે.

स्वजनधनात्मगृहादिककार्ये मनसि विचिन्त्यानार्यमथार्यम्।
यःक्रियते ऽपरजन्तुषु तापः सार्थकदण्डो ऽसौ बहु-पः ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વજન, પિતા, માતા, ભ્રાતા, ભગિની, ભાર્યા, મિત્ર, પુત્ર, નોકર, ચાકર, શેઠ, ગુમાસ્તા આદિ જનોનાં નિમિત્તે, તથા પોતાના આત્મા માટે, ધનાદિક ઉપાર્જન કરવા માટે, ગૃહાદિક, તથા બાગ બગીચા, ગાડી ઘોડા બનાવવા માટે, બીજા પણ અનેક આર્ય-કરવા યોગ્ય, અનાર્ય-નહિં કરવા યોગ્ય કાર્યોનું મનમાં ચિંતવન કરી જે ત્રસ, અને સ્થાવર, સૂક્ષ્મ, અને બાદર આદિ અપર જીવોને જે તાપ કરવો, તેમનાં પ્રાણોનો નાશ કરવો તે બહુ છે પાપ જેમાં, એવું સાર્થકદંડનામા પ્રથમ ક્રિયાસ્થાન જાણવું.

**यन्मांसाद्यनपेक्ष्य स्वार्थं द्रविणगृहादिमृते ऽर्थमनर्थम् ।**
**सृजति चराचरजन्तुषु दण्डं हन्त ! तमाहुरनर्थकदण्डम् ॥ ६ ॥**

જે પાપી પ્રાણી માંસાદિ ભક્ષણના સ્વાર્થ વગરજ-માંસાદિ ખાવાં નહિ હોય તો પણ, અનાથ એવા પશુ પક્ષિઓના પરમ-પ્રિય પ્રાણોનું હરણ કરે, તથા કુતુહળ, અથવા દુષ્ટ મનના રંજન માટે પામર પ્રાણીઓને પીડા કરે, દુઃખ દે, હાથ પગ બાંધે, એક બીજાને આપસમાં લડાવે, તેમનાં બચાંઓને દૂર છીપાવી ઝુરાવે, ઇત્યાદિ અનેક પ્રકારે વગર કારણે ત્રસ જીવોને કષ્ટ પ્હોંચાડે, તથા ગૃહાદિ બનાવવાં નહિ હોય, ધનાદિ ઉપાર્જન કરવાં નહિ હોય તો પણ પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, અને વનસ્પતીનું મર્દન કરે, અર્થાત્ નિરર્થક, બિન મતલબે, માટી ખણાવવી, માટીના ઢેરો પડયા હોય તેમને ખુંદવાં, પાણી ઢોળવાં, નળો ખુલ્લાં મૂકી નકામું પાણીનું નાશ કરવું, ઘાસ વિગેરે પડ્યાં હોય તેમાં આગ મૂકવી, વનમાં દવ લગાવવું, હવામાં વગર પ્રયોજને કપડાં ઉડાડવાં, ઝાપટા મારવા, કાંઈ પણ કારણ વિના નાના મોટા ઝાડો ઉખાડવા, તેમની ડાળીઓ તોડવી, રસ્તે જતા વનસ્પતી ખુંદવી, વેલા તોડવા ઇત્યાદિ નિરર્થક વિના કારણે જે ચરાચર, ત્રસ-સ્થાવર જીવોમાં અનર્થ દંડનું સર્જન કરવું. જીવોને કિલામના પ્હોંચાડવી તે અનર્થકદંડનામા બીજું ક્રિયાસ્થાન પ્રભુએ કહ્યું છે.

**हिंसितवानयमेष हिनस्ति हिंसिष्यति मां रिपुरयमस्ति ।**
**इति बुद्ध्वा यः परजनघातो हिंसादण्डो ऽसौ त्ववपातः ॥ ७ ॥**

જે મનુષ્ય,' આ મ્હારો શત્રુ છે, મ્હને, યા મ્હારા સ્વજનોને તથા યા અન્ય કોઇ ઇતર આત્માને એણે માર્યા છે, મારે છે, અથવા મારશે ' એમ વિચારી પરજનના-બીજા પ્રાણીના પ્રાણ હરણ કરે—મારે, અર્થાત્ જેમ કંસરાજા 'દેવકીના પુત્રના હાથે ત્હારો મૃત્યુ થશે' એવું નિમિત્તિયાનું વચન સાંભળી દેવકીના ભાવી પુત્રોનો નાશ વિચારતો થકો દેવકીની પ્રસૂતીઓ પહેરા વચ્ચે કરાવી અને તેના કૃત્રિમ પુત્રોનો પોતાનાં હાથે નાશ કર્યો, તેમ બીજા પણ મનુષ્યે ' આ મ્હારો શત્રુ છે, એણે મ્હારા બાપને ખરાબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો હતો, એણે મ્હારા ભાઇ ઉપર ફોજદારી કરી હતી, એણે મ્હારા મિત્રને વ્યાપારમાં નુકશાન પ્હોંચાડયું હતો. અથવા બીજી કોઈ રીતે હાનિ કર્તા થયો હતો, વર્તમાનકાળ માં અડચણ કર્ત્તા થાય છે, યા ભવિષ્યમાં થશે ’ એમ વિચારી બીજાનો ઘાત કરે, નાશ કરે તેને ભવકૂપમાં પટકનાર હિંસાદંડ નામા તૃતીય ક્રિયાસ્થાનક કથ્યું છે.

अन्यवधाय कृतायुधसङ्गो यद्विध्यति परमुक्तसदङ्गः ।
स भवति नूनमकस्माद्दण्डो विश्वस्ताङ्गिवधादतिचण्डः ॥ ८ ॥

બીજા પ્રાણીના વધના માટે આયુધ ચલાવ્યું હોય અને વચમાં બીજાજ જીવનો નાશ થવો, અર્થાત્ જેમ હિંસક મનુષ્યો પોતાના પાપી પિંડને પોષવા માટે પશુ પ્રાણિઓનો સંહાર કરવા સારૂ નિશાણુઓ માંડી શસ્ત્રાદિનો પ્રહાર કરે છે તેમાં કેટલીક વખતે ધારેલા નિશાણે શસ્ત્ર ન પ્હોંચતાં બીજાજ પ્રાણીને વાગી જાય છે, અને એમ તે ગરીબ પ્રાણી, તે હત્યારાના હાથથી પોતાનો પ્રિય જાન ગુમાવી બેસે છે, એ પ્રકારની દુષ્ટ ક્રિયા તેને વિશ્વાસુના વધથી પણ નિશ્ચય કરીને અતિ પ્રચંડ પાપવાળું ચતુર્થ અકસ્માદ દંડ નામા ક્રિયાસ્થાન કહેવાય છે.

सुहृदं यद्विशसति रिपुबुद्ध्या मिथ्यागः कृतरोषस्मृद्ध्या ।
कृतजननीजनकादिविखण्डः स भवति दृष्टि विपर्ययदण्डः ॥ ९ ॥

શત્રુની બુદ્ધિએ મિત્રનોજ સંહાર કરે, માતા, પિતા, ભાઇ, ભગીની વિગેરે સ્વજનનોજ નાશ કરે, પ્રબળ ક્રોધના આવેશમાં આવી ઇષ્ટ જનનો અનિષ્ટ કરે, અર્થાત્ જેમ લડાઇઓમાં ઘણી વખતે સામા પક્ષના મનુષ્યો ન મરતાં સ્વપક્ષના મનુષ્યોજ અજાણપણે કપાઇ જાય છે. જે વખતે મનુષ્ય ખૂન ઉપર આવી જાય છે ત્યારે તે ક્રોધના તિવ્ર વેગમાં અંધ બની જાય છે. અને સ્વજન, યા શત્રુજનનું ભાન ન રાખી જે કોઇ સપાટામાં આવે છે, તેનું જ કામ કાઢી ન્હાંખે છે. એ પ્રકારનો જે પાપાચરણ છે, તે દ્રષ્ટિ વિપર્યય દંડ નામા પંચમ ક્રિયાસ્થાનક કહેવાય છે.

पञ्चाप्येते दण्डाः पञ्चस्थानान्यसत्क्रियाणां स्युः ।
परिहर्तव्याः सद्भिर्जिनवचनसुधासरस्तिमिभिः ॥ १० ॥

એ પાંચ—સાર્થક ૧ અનર્થક ૨ હિંસા ૩ અકસ્માદ ૪ અને દ્રષ્ટિ વિપર્યય—દંડ કહેવાય છે. કારણ કે એ પાંચેમાં બીજા પ્રાણીનો ઘાત થાય છે, અને આગળના સ્થાનોમાં ફકત ક્રિયાજ છે, જીવનાશ નથી, તેથી એ દંડ સમાદાન કહેવાય છે, એ પાંચે અસત્ક્રિયાના સ્થાનો છે, માટે જિન વચન રૂપ અમૃત સરોવરમાં સ્વેચ્છા પૂર્વક રમણ કરનાર ભવ્યાત્મા રૂપ સજ્જમીનોએ આમિષ—કંટક રૂપ એ સ્થાનો ને પરિહરવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अलीकं वदत्यात्ममित्रादिहेतोः स्वयं वादयत्यन्यमन्यं वदन्तम् ।
मशंसत्यदः स्यान्मृषावादसञ्ज्ञं क्रियास्थानकं षष्ठमुत्कृष्टपापम् ॥ ११ ॥

પોતાના આત્મામાટે, મિત્ર, પુત્ર, માતા, પિતા. સ્વજન મિત્રજન, બંધુજનાદિ માટે, ધનાદિ ઉપાર્જન કરવા માટે, વ્યાપારાદિ વ્યવસાયોમાં સ્વયં અસત્ય–જુઠું બોલે, બીજાની પાસે બોલાવે, બીજા બોલતા હોય તે ને સારૂં માને, અસત્ય બોલનારાઓને અસત્યોપદેશકોને સહાય આપે તે મૃષાવાદ નામક ઉત્કૃષ્ટ પાપ વાળું છઠું ક્રિયાસ્થાનક સમજવું.

यदन्यस्य चौर्येण वस्त्वाददीत सचित्तादिकं पश्यतो ऽपश्यतो वा ।
अदत्तग्रहाख्यं महापाप हेतुं क्रियास्थानकं सप्तमं प्राहुरार्याः ॥ १२ ॥

સચિત્ત વસ્તુ, જેવી કે—સ્ત્રી, પુત્ર, નોકર ચાકર, તથા ગાય, ભેંસ, ઘોડા, ઉંટ બળદ વગેરે દ્વિ પદ, ચતુષ્પદ, તથા અચિત વસ્તુ, જેવી કે,ધન ધાન્ય ક્ષેત્ર, ગૃહ વિગેરે બીજાની વસ્તુ, માલિકના વગર આપે, વગર આજ્ઞાએ, તેની સન્મુખ યા પાછળથી ગુપચુપ પોતે લઇ લેવી, બીજાની પાસે ઉચકાવી લેવી, કોઇ અન્ય લેતો હોય તેને મદદ કરવી, તે મહાપાપનો હેતુભૂત અદત્તગ્રહણ નામા સપ્તમ ક્રિયાસ્થાનક આર્ય પુરૂષોએ કહેલું છે.

अदूनस्य केनापि वाग्विप्लवाद्यै-रयातस्य मित्रार्थहान्यादिहेतुम् ।
स्वतः स्वस्य सङ्कल्पचिन्तोदयो यः क्रियास्थानमध्यात्मसञ्ज्ञं तदाहुः ॥ १३ ॥

કોઇ બીજાએ કોઇ પણ જાતના આક્ષેપ વચનો વિગેરે વગર કહે કોઈ પણ પ્રકારની મનુષ્ય સંબંધી યા ધન સંબંધી હરકત નહિં પડે,સ્વયમેવ પોતાના સંકલ્પો વડે જે ચિંતાનો ઉદય, અર્થાત્ કોઇ મનુષ્યને કોઇ બીજાએ, ઠપકો નહિ આપ્યો હોય, તિરસ્કાર નહિં કર્યો હોય, ગાળો વિગેરે દઇ અપમાન નહિં કર્યું હોય, મર્મ વચનો બોલી, મન દુઃખે તેવું આચરણ આચર્યું નહિ હોય યાવત્ બીજા કોઈ તરફથી એવું વર્તન નહિં વર્તાયું હોય કે જેથી ઉદાસીન થવાનું કારણ બને, તો પણ સ્વતઃ પોતાની મેળેજ, પોતાના વિચારોથીજ જે, ઉદાસ રહે તથા મનુષ્ય મૃત્યુ વિગેરેનું, યા ધન હાનિ જેવી કે, વ્યાપારમાં નુકશાન પહોંચે, પેઢી વિગેરે ઘાટો પડી જવાથી ટૂટી જાય, યા ચોરો ધન ચોરી જાય, આગ લાગવાથી ઘર વિગેરે બળી જાય, પાણીની રેલ આવવાથી તણાઇ જાય, એવું એવું કાંઇ પણ બાહ્ય હરકત નહિં પડે તો પણ મનમાંને મનમાં અનેક પ્રકારના એવા વિચારો ઉદ્ભવે કે જેથી સદા શોક સાગરમાં ડુબેલાની માફક ખિન્નચિત્તે રહે, તે આધ્યાત્મ નામા અષ્ટમ ક્રિયાસ્થાન કહેવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भृशं क्रोधमानोल्लसद्दम्भलोभैरसौ ताप्यते ऽध्यात्मिकै रेव जन्तुः ।
ततो भूरिकर्माणि बध्नाति दुःखी क्रियास्थानमित्यष्टमं दुष्टमुक्तम् ॥ १४ ॥

એ પ્રકારના વિચારો આત્મામાં ક્રોધ, માન, માયા, અને લોભરૂપ ચાર કષાયોનો ઉદય થવાથી ઉત્પન્ન થાય છે, અને એ ચાર કષાયોથી જીવ અત્યંત તપે છે, જેનાથી મનઃ દુષ્ટ થાય છે, અને મનદુષ્ટ થવાથી ઘણા અશુભ કર્મોનો બંધન થાય છે માટે એને દુષ્ટ ક્રિયાસ્થાન કહ્યું છે.

जातिकुलरूपबलनायकत्व—श्रुतोग्रत्तपोलाभमदमग्रमत्तोऽसुमान् ।
यत्परं निन्दति स्वप्रकर्षोद्धतस्तत्क्रियास्थानकं नवममाहुर्बुधाः ॥ १५ ॥

જાતિ મદ, કુલમદ, રૂપમદ, બળમદ, ઐશ્વર્યમદ, શ્રુતમદ, તપોમદ, લાભમદ એ આઠ પ્રકારના મદમાં ઉન્મત્ત થઇ જે પ્રાણી બીજાની નિંદા કરે, અને પોતાનું શ્રેષ્ટપણું સ્થાપન કરે, અર્થાત્ અમારી જાતિ અને અમારૂં કુલ ઉંચું છે. અમે અમુકના વંશજ છીએ એ પ્રકારે પોતાની જાતિ અને કુલનો અભિમાન કરે, અને બીજાને હીનજાતિ યા નીચ કુળના કહી,તેમની નિંદા કરે, તે જાતિમદ તથા કુળમદ કહેવાય.પોતાના ગૌર વર્ણનાં વખાણ કરે અને બીજાને 'કાળી મ્હેંસ જેવો છે, આનું મ્હોડું તો વાંદરા જેવું છે,'વિગેરે શબ્દો કહી, તેના શરીર યા રૂપની અવહેલના કરે, તે રૂપમદ કહેવાય. એવીજ પ્રકારે પોતાના બલના વખાણ કરે, બીજાને નામર્દ વિગેરે કહે, તે બલમદ. પોતાને કોઇપણ પ્રકારનું અધિકારી પદ મળ્યું હોય, નેતાપણું પ્રાપ્ત થયું હોય તો તેના મદમાં મસ્ત થઇ, અયોગ્ય વર્તન ચલાવે, તે ઐશ્વર્ય—નાયક મદ કહેવાય. ઉંચા પ્રકારની વિદ્યા, યા કળા કૌશલ જે પોતાને પ્રાપ્ત થયું હોય તો તેનું અભિમાન આણી હું મહા વિદ્વાન્ છું, આ બીજાઓ મૂર્ખા છે. એમને એ વિષયની શી ખબર, ઇત્યાદિ પ્રકારે જે વિદ્યાનું ઘમંડ કરવું તે, શ્રુત–વિદ્વત્તામદ કહેવાય. તેમજ પોતે બહુ તપ વિગેરે કષ્ટ કરતો હોય તેનું ગર્વ કરે તે તપમદ કહેવાય. દ્રવ્યાદિકની વિશેષ પ્રાપ્તિ થઇ હોય તેનો જે ગર્વ કરવો તે લાભમદ કહેવાય છે. એ મદોમાં મત્ત થઇ બીજાને તિરસ્કારવાં તે માનનામા ક્રિયાસ્થાન કહેવાય છે.

यैर्जनैः सह वसति पुत्रपित्रादिभिस्तदपराधे लघीयस्यपि प्रौढरुट् ॥
सृजति दण्डं गुरुं दशममिदमीरितं मित्र विद्वेषसञ्ज्ञं क्रियास्थानकम् ॥१६॥

પુત્ર, મિત્ર, માતા, પિતા, ભ્રાતા, ભગિની આદિ જે સ્વજન, મિત્રજન સાથે રહેતો થકો તેમનો અલ્પ અપરાધ થયે છતે અધિક દંડ કરે, અર્થાત્ કોઇપણ માણસે થોડો અપરાધ કર્યો હોય તો પણ તેને સખ્ત દંડ કરવો તે મિત્રવિદ્વેષનામા દશમું ક્રિયાસ્થાન કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गूढहृदयोऽन्यथा वदति कुरुते ऽन्यथा यत्प्रतारयति विविधक्रियाभिर्जनान्।
न गुरुपुरतस्तथा पापमालोचये देतदेकादशं स्यात् क्रियास्थानकम् ॥ १७ ॥

જે ગૂઢ—હૃદયી—કપટી માણુસ બોલે જુદું, અને કરે જુદું, તથા વિવિધ પ્રકારની માયાજાળો રચી, દગાબાજીઓ કરી લોકોને ઠગવાં, સારો માલ બતાવી ખોટો માલ આપે. ખોટી અને જુઠી જાહેરાતો આપી લોકોને ધૂતે, વિગેરે વિશ્વાસઘાતક કૃત્યો કરી પાછા અંત સમય સુધી પણુ તે દુષ્કૃત્યોની ગુરૂજન સન્મુખ આલોચના નહિ કરે, અને પાપનું પ્રાયશ્ચિત નહિ લે, તે માયા નામક એકાદશમું ક્રિયાસ્થાનક જાણવું.

काम ज्ञोगेषु यन्मूर्छिता अविरता लोज्ञमालंब्य शंसन्ति मिथ्या वचः
हन्यतामन्य जीवोहमेवाव्यतां तदिह लोज्ञाक्रियास्थानकं द्वादशम् ॥ १८ ॥

કામ–ભોગ, વિષય વાસનામાં અત્યંત આશકત થવું, લોભના વશીભૂત થઇ મિથ્યા વચનો બોલવાં, જુઠી સાક્ષિઓ આપવી, હું વર્ણોત્તમ છું માટે મ્હારી રક્ષા કરવી, આ નીચ જાતીય છે, શુદ્ર છે, માટે એમને મારવાં જોઇએ ઇત્યાદિ પ્રકારે પોતાનું શ્રેષ્ટ પણું, બીજાનું હીનપણું જણાવી, ઘાતક ઉપદેશ આપવો તે બારમું લોભ નામે ક્રિયા સ્થાનક સમજવું.

समितिगुप्तिस्पृशः सोपयोगं मुनेस्तिष्ठतो गच्छतो जल्पतो भुञ्जतः ।
यावदक्ष्णोपि सूक्ष्मं भवेत् कंपनं तावदीर्यापथिक्याह्वया स्यात् क्रिया ॥१९॥
प्रथमसमयेऽनया कर्मनिर्वर्त्यते वेद्यते क्षारसं तद्द्वितीयक्षणे ।
भवति जीर्णानुभागं तत्तृतीये वृथा स्यात्त्रयोदशमिहेदं क्रियास्थानकं ॥२०॥

ઇર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન ભંડ માત્રા નિક્ષેપણુ સમિતિ, પારિષ્ટાપનિકા સમિતિ, તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ એ પાંચ સમિતિ, સમિત અને ત્રણ ગુપ્તિએ ગુપ્ત જે ઉપયોગ સહિત વર્તનારા મુનિવરો છે. તેમને બેઠતાં, ચાલતાં, બોલતાં, આહાર કરતાં, યાવત્ આંખ ફરકાવતાં પણ જે સૂક્ષ્મ ક્રિયા લાગે છે તે ઇર્યાવાહ નામા ક્રિયા કહેવાય છે. આ ક્રિયા કેવળીને પણ લાગે છે, કારણકે જ્યાં સુધી આત્માની સાથે યોગો વળગેલા હોય છે, ત્યાં સુધી ક્ષણુ માત્ર પણુ શરીરાવયવ નિશ્ચળ રહી શકતાં નથી, અને તેમનું અનિશ્ચળપણું હોવાથી કેવળીને પણુ શરીરાવયવ હાલતાં આ ઇર્યાવહિ ક્રિયા લાગે છે. આ ક્રિયા સૂક્ષ્મ હોવાથી ચિરકાળ લગી એનું બંધન રહેતું નથી. પ્રથમ સમયે કર્મબંધન થાય છે, અને બીજે સમયે ઉદયમાં આવે છે તેથી વેદી લેવાય છે, અને ત્રીજે સમયે જીર્ણ થઇ નાશ પામે છે, આ પ્રકારે એ ત્રયોદશમું ઇર્યાપથિકી નામા ક્રિયા સ્થાન કહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अतीतास्तथानागता वर्तमाना विदेहादिवर्षेषु ये तीर्थनाथाः ।
समग्रैरमून्येव तैर्वर्णितानि क्रियास्थानकानीह जव्योपकृत्यै ॥ ४१ ॥

વિદેહાદિ ક્ષેત્રોમાં પૂર્વકાળમાં થઇ ગયેલા, ભવિષ્યમાં થનારા અને વર્તમાન કાળે વિદ્યમાન એવા સમગ્ર તીર્થંકર દેવો એ ભવ્ય જીવોના ઉપકાર માટે એ ત્રયોદશ ક્રિયા સ્થાનકો કથન કર્યાં છે.

આ તેર ક્રિયા સ્થાનકોમાંથી પ્રથમના બાર ક્રિયા સ્થાનકોને શ્રીમાન્ અર્હન્ ભગવાને અધર્મ પક્ષમાં ગણ્યા છે. અને તેરમાં ઇર્યાપથિકી નામા ક્રિયા સ્થાનને ધર્મ પક્ષમાં ગણ્યું છે. કારણ કે આદિના બાર સ્થાનકો નિતાંત જીવોને કર્મ બંધજ કરનારા છે, એ બાર સ્થાનકોમાં પ્રવર્તતા થકા જીવો કોઇ પણ કાળે આ અપાર સંસારમાંથી પાર પ્હોંચવાનાં નહિં. આના માટે સૂયગડાંગ સૂત્રનાં બીજા શ્રુતસ્કંધના (એજ ક્રિયાઓનું સવિસ્તર છે વર્ણન જેમાં) બીજા ક્રિયા સ્થાનક નામા અધ્યયની અંતે ભગવાને ભાખ્યું છે કે—

इच्चेतेहिं बारसहिं किरियाट्ठाणेहिं वट्टमाणा जीवा णो सिज्झिंसु, णो बुज्झिंसु, णो मुच्चिंसु, णो परिणिव्वाइंसु, जाव णो सव्वादुक्खाणं अंतं करेसुवा, णो करेंतिवा, णो करिस्संति वा।

અર્થાત્ ઉપર્યુક્ત બાર સ્થાનકોમાં વર્તમાન જીવો કોઇ પણ કાળે સિદ્ધ થયા નથી, બોધ પામ્યાં નથી, મુક્ત થયા નથી, સંસારથી નિવૃત્ત થયા નથી, અને નથી સર્વ દુઃખનો અંત કરી શકયા, અથવા કરી શકતા નથી તેમજ ભવિષ્યમાં પણ કરી શકશે નહી.

તેરમું ઇર્યાપથિકી ક્રિયા સ્થાન છે તે ધર્મ પક્ષનું છે તેથી તેમાં વર્તતા આત્માઓ અવશ્ય આ જગત્ જંજાલથી મુક્ત થઇ શાશ્વત સુખના સેવનારાઓ થયા છે! થાય છે!! અને થશે!!!

હવે અંતમાં સ્તવનકાર શ્રીમાન્ વિનયવિજયજી મહારાજ પ્રભુવીરને પ્રાર્થના કરતા થકા કહે છે કે—

धराधीशसिद्धार्थ वंशावतंस! प्रसीदप्रज्ञो! जिन! त्रैशलेय!
ममैज्यः क्रिया स्थानकेन्यो विमोक्तं विधेहीप्सितं देही सद्बोधिबीजम् ॥४२॥

હે પ્રભો! હે જિન! હે પૃથ્વી-પતિ શ્રી સિદ્ધાર્થ મહારાજાના પુણ્યવંશમાં પાવન મુકુટ સમાન શ્રી વીર! હે ત્રિશલા નંદન! મ્હને આ ક્રિયા સ્થાનકોથી મુક્ત કરો! છોડાવો! અને મ્હારા મનોવાંછિત કાર્ય કરો, તથા સદ્બોધિબીજ આપો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इत्येवं विनयेन वीरगदितान्युक्ता क्रिया स्थानका-
न्येष श्री जगवान्नुतः साविनयं श्री द्वीपसञ्ज्ञे पुरे।
भूयात् श्री विजयादिदेवसुगुरोः कल्याणलक्ष्म्यै सदा
जूरि श्रीविजयादिसिंहसुगुरोः क्षेमद्रुमेघश्रियः ॥ ३३ ॥

આ પ્રકારે વિનયવિજયે શ્રીવીરના કથન કરેલાં ક્રિયા સ્થાનકો કહી, વિનય સહિત દ્વીપ બંદરમાં શ્રી ભગવાન્‌ની સ્તવના કરી છે. કલ્યાણરૂપ કલ્પવૃક્ષની વૃદ્ધિ કરવામાં મેઘની સમાન શોભાને ધારણ કરનાર શ્રી વિજયદેવ સુગુરૂ તથા વિજયસિંહસૂરિ સદ્દગુરૂને એ શ્રી વીર ભગવાન્ નિરંતર મોક્ષ–લક્ષ્મી આપનારા થાઓ !

## समाप्तम्.

આ ક્રિયાસ્થાનક સાર ગર્ભિત સ્તવ શ્રીમદ્ વિનયવિજયજી ઉપાધ્યાયે દ્વીપ નામાપુર, (હાલનું દીવ બંદર) માં બનાવ્યું છે, એમ અંતિમ શ્લોક ઉપરથી જણાય છે. નયકર્ણિકા પણ તેમણે એજ સ્થાને બનાવી છે, પ્રાય: કરીને બન્નેની રચના એક જ સમયે થઇ છે. કારણ કે, બન્નેના અંતિમ શ્લોકોમાં સરખો જ ભાવાર્થ છે, આ સ્તવની એક નકલ, પં. રવિવર્ધ્ધનગણિના હાથની લખેલી પાટણના સાગર ગચ્છના ભંડારમાથી મળી આવી છે, નયકર્ણિકાની માફક આ સ્તવ પ્રસિદ્ધિમાં હજી લગી આવ્યું હોય એમ જણાતું નથી, તેથી ટુંક ભાવાર્થ સાથે આ સ્તવ અમે પ્રકટ કર્યું છે.

( લેખક—એક અલ્પ અભ્યાસી. )

## પિતૃવિશિષ્ટ પ્રણયની અનિત્યતા.

( શિખરિણી. )

[ મંદાક્રાંતાની પાદપૂર્તિયુક્ત. ]

તમારે માટે અહીં સહુજન કરે શોક અધિકો,
વિશિષ્ટે પ્રજ્વાળે અમ હૃદયને ખેદ કરતો;
પિતા ! છે તે વ્યર્થ સ્મરણ પથ આવે સુવચનો,
સંસૃતિમાં ક્ષણિકજ રહે સ્નેહ સંબંધ એવો.

'F'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जीवदयाना हिमायती जैन तेमज जैनेतर भाइ–व्हेनोने प्रस्ताविक बे बोल.

" व्हापण भरेली रीते दयामय धर्म कहेलो छे. "

" सर्व जीवोने आत्म समान लेखनार ज ज्ञानी गणाय छे. "

" कोइ पण जीवनी हिंसाथी विरमवुं जोइए. "

" शुद्ध भावथी दयानुं सेवन करनार सुसंयमवंत कर्मबंध करता नथी. "

प्रिय भाइ व्हेनो! तमे अनेक मांगलिक दिवसोमां विशेषे करी दीन–दुःखी–अनाथ पशु पंखीओनां दुःख दीलमां धरीने तेमने गमे ते रीते तेमनां दुःखमांथी मुक्त करवा–करावबा तजवीज करो छो. तमारे त्यां पुत्रादिकनो जन्म थयो होय छे, अथवा लग्नादिक शुभ प्रसंग आवे छे त्यारे तेमज पर्युषणादिक महा पर्वो जेवा मांगलिक प्रसंगो उपर तमे उत्तम कूळनो आचार मानी अथवा पवित्र धर्मनुं फरमान लेखी दुःखी जानवरोनो जान बचाववा तेमज तमारा दुःखी मानव बंधुओने बनती सहाय आपी सुखी करवा कंइ ने कंइ प्रयत्न सेवो छो. ए तमारो प्रयत्न जो अधिक विवेक पूर्वक प्रयोजाय तो ते सफळताने पामे एवी बुद्धिथी प्रेराइने अत्र प्रसंगोपात बे बोल तमोने निवेदन करुंछुं, ते तमारा लक्षमां लइ जेम स्वपरनुं अधिक हित सचवाय तेम करवा शुद्ध दीलथी तमे तथा तमारा संबधीयो प्रयत्न सेवशो.

व्हालाओ! तमे दयालु छो अने अमुक शुभ–मांगलिक प्रसंगो उपर अवश्य दीन–दुःखी–अनाथ पशु पंखीयो विगेरेनां दुःख टाळवा द्रव्यादिक खर्चीने पण काळजी राखोछो एम समजी केटलाक अनार्य–नीच–निर्दय स्वभावना लोको जेवाके वाघरी, कोळी तेमज कसाइ विगेरे अनाथ पशु पंखीयोने गमे त्यांथी क्रूर रीते जाळ नांखीने के बीजी लालच बतावीने के थोडाक पैसा पण खर्चीने पकडी लावी तमारी नजर आगळ खडा करेछे अथवा बजारमां वेचवा माटे खुल्लां मूकेछे अथवा तेमना घर आगळ एकठा करेछे. अने तमारा भोळा दयालु स्वभावनो लाभ लइ ते अनाथ निरपराधी पशु पंखीयोनां मनगमतां दाम मागे छे. तमे तमारा भोळा दयालु स्वभावथी ज तेवा निर्दय लोकोने मनगमतां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(मों माग्यां) दाम आपी ते क्रूर लोकोए आणेलां पशु पंखीयोने छोडावी पोताने कृतार्थ लेखोछो. जोके आथी ए अनाथ पशु पंखीयोने क्षणभर आश्वासन मळे छे खरुं, पण एहेवा नीच निर्दय दीलना लोकोए उपजावेला पैसानो केवो गेरउपयोग करेछे के करशे तेनो विचार सरखो पण आपणा भोळा स्वभावना बंधुओ भाग्ये ज करेछे अने तेथी परिणामे जे महा अनर्थनी परंपरा चाली जायछे तेना कारणिक केटलाक अंशे आपणा भोळा स्वभावना दयालु बंधुओ ज बनता होय एम जणाय छे, एहेवा नीच निर्दय लोको पोते मारफाड करीने के थोडाक पैसा खर्चीने आणेलां ए अनाथ जानवरोनुं वखत वर्तीने–गरज समजीने पुष्कळ द्रव्य लही वेचाण करेछे अने एज द्रव्यथी पाछां एवा ने एवा अनाथ जानवरो–पशु पंखीओने घणा म्होटा प्रमाणमां (संख्याबंध) खरीदीने के गमे तेवी निर्दय रीते जाळो विगेरे नांखीने पकडी लावेछे अने पोतानो ए नीच धंधो धमधोकार चलावी अनाथ प्राणीयोने अनेक रीते त्रास आपतां त्राय त्राय पोकरावे छे. आ मुद्दानी बाबत उपर दयालु भाइ ब्हेनोए बहु बहु विचार करी जेम दुःखी अनाथ प्राणीयो उपर आपणी गेरसमजने लीधे निर्दय लोको तरफथी गुजरतुं घातकीपणुं अटके अथवा ओछुं थाय तेम विवेकथी वर्तवानी जरूर छे. अनायासे आपणा शरणे आवी चढेला दीन–दुःखी अनाथ प्राणीओनुं आत्मभोग आपीने रक्षण करवुं ए आपणी फरज छे खरी; पण जे नीच–निर्दय स्वभावना लोको जाणी जोइने आपणा भोळपणनो लाभ लइ आपणी पासेथी मनमानता पैसा ओकावी पोतानो घातकी धंधो वधारता जता होय तेमने करगरीने अने मों माग्या पैसा आपी तेमणे जाणी जोइने (इरादा पूर्वक) आपणी नजरे आणी राखेला जानवरोने छोडाववा करतां तेनो वधारे व्याजबी (न्याय वाळो) रस्तो लही जे घातकी लोको आपणी धर्म–लागणी जाणी जोइने दुहवता होय तेमने कायदानी रूये नसीयत पहोंचाडी ते अनाथ जानवरो आपणा कबजे करी लेवा अथवा तेमनी उपर नाहक गुजरतुं घातकीपणुं ज अटकाववुं ए वधारे उचित जणाय छे, तेमज कसाइ लोकोने जे कोइ जानवरो वेचता होय तेमनेज तेम करतां समजण आपीने अटकाववा, अथवा तो ते अनाथ जानवरोने परभार्या ज योग्य किंमतथी खरिदी लेवां उचित छे. ए रीते जानवरोने मारतां अटकावी तेमने पोताना कबजे करी केवी मावजतथी साचववा जोइए ए पण ओछी अगत्यनी वात नथी. आवा अनाथ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जानवरोने आपणी बे दरकारीथी केदखानानी जेम पांजरापोळ जेवां मकानमां कशी सगवड कर्या वगर गोंधी राखवां जोइए नहिं, केटलांक एवा स्थळोमां ते बापडां अनाथ जानवरो गोंधाइ गोंधाइने मरे छे अथवा तेमाना कोइ सबळां जानवरोथी नबळां जानवरोनो कचरघाण निकळी जाय छे अथवा तो रीबाइ रीबाइने नाश थाय छे तेम न ज थवुं जोइए. ए करतां तो उक्त जानवरोने छूटां छवायां राखवां अथवा फरवा देवां ठीक गणाय. हालमां आपणी गणाती पांजरापोळमां अनाथ जानवरोने घणो त्रास मळे छे, ए जोइने सहृदय जनोने कमकमाटी छुटे छे. आ कशी देखरेख राखनाराओनी बेदरकारी बतावे छे. तेओ अमुक वेठ जेवुं काम करनारा अणघड नोकरो उपर ए काम करवानुं छोडी दे छे, अने पोते तेनी कशी संभाळ लेता नथी तेथी ते दुःखी जानवरोनी केवी अने केटली अवजात थइ शके छे एनो खरो ख्याल तो नजरे जोनारने ज वधारे आवे छे. आ उपरांत अने आ करतां अत्यंत उपयोगी बाबत ए छे के गमे तेवा मांगलिक प्रसंगो उपर पोताना जे मानव बांधवो अने विशेषे करीने साधर्मिक बंधुओनी स्थिति कफोडी थयेली जणाती होय तेमने यथायोग्य दाद आपीने सहायरूप थावुं जोइए, गमे तेवा जानवर करतां एक मानव बंधु अने एथी पण एक ज साधर्मी बंधुनी जींदगी वधारे किंमती छे. तेनुं यथायोग्य सहायवडे रक्षण करवुं ए आपणी पवित्र फरज छे. एनी जे अत्यारे बहुधा उपेक्षा कराती जोवामां आवे छे ते बहु खेदकारक बीना छे. अत्यार सुधीमां आपणे द्रव्य दया (अनुकंपा) आश्री कह्युं छे. एथी आगळ वधतां कहेवुं जोइए के भाग्यशाळी जनोए मांगलिक प्रसंगो पामीने पोताना मानव बंधुओने अने तेमां पण विशेषे करीने पोताना साधर्मी बंधुओने समयोचित व्यवहारिक अने धार्मिक केळवणी आपीने उधरवा योग्य व्यवस्था करवी जोइए, केटलाक भोळा दीलना भनुनी लोको एवा मांगलिक प्रसंगो उपर जोतजोतमां ज्ञाति जमण विगेरे करी सेंकडो बलके हजारो पैसा खर्ची नांखे छे त्यारे तेवे प्रसंगे पोताना जाति बंधुओ तेमज धर्म बंधुओ कंइक तेवीज संगीन सहाय मेळवी पोतानुं भविष्य सुधारी शके एवी योजना करी आपवानुं लक्ष कोइ विरलाने ज होय छे. छतां एज मार्ग प्रशंसापात्र अने अनुकरणीय छे के जेथी पोताना मानव बंधुओनुं तेमज साधर्मी बंधुओनुं जीवित द्रव्य भावथी सुधारी शकाय. आ छेल्लुं अति उपयोगी उपकारक कार्य पार पाडवा माटे समयना जाण निःस्वार्थी साधुजनो (सज्जनो) नी सलाह लइ तदनुसार योजना करवी जोइए अने प्रथम जणावेली

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनाथ जानवरोनी दया विवेक पूर्वक करवा इच्छता सुज्ञ जाइ व्हेनोए श्री जीवदया ज्ञान प्रसारक फंडना व्यवस्थापकनी तेमज जीवदयाना हिमायती सुप्रसिद्ध मि. लाजशंकर जेवानी सलाह मेळवी गमे तें मांगलिक प्रसंगे खर्चवा धारेला द्रव्यनों व्याजबी व्यय करवा लक्ष राखवुं जोइए. केवळ यश कीर्तिनो लूखो लोभ नहिं राखतां दुःखी प्राणीयोनी थती कदर्थना मुळथी दूर करवा तन मन अने धनथी संगीन रीते उद्यम करवो जोइए. वळी बीजी आधुनिक प्रजाओ करतां आपणी प्रजा केम पच्छात पडती जाय छे तेनां खरां कारणो शोधी काढी तेने उन्नत स्थितिमां आणवा घटता उपाय चोंपथी लेवा जोइए. आपणामां जे कोइ माठा रीत रीवाजो घुसी गया छे ते बधाने दुर करवा अने उत्तम रीत रीवाजने दाखल करवा आगेवान लोकोए एकसंपीथी जारे भगीरथ प्रयत्न सेववो जोइए. मतलब के जीवदयाना हिमायती दरेके दरेके पोतपोताथी बनतो आत्मजोग आपी (स्वार्थ त्याग करी) दुःखी जीवोना दुःख निवारवा माटे एवां विवेकसर पगलां जरवां जोइए के जेथी स्व परनुं श्रेय सिद्ध थइ शकेज. बाकीतो आ चराचर जगतमां कोण जन्मतुं के मरतुं नथी ? जीवित तेमनुं लेखे गणवुं उचित छे के जेमनुं हृदय सामानुं दुःख जोइ द्रवी जाय छे अने स्वबुद्धि–शक्ति अनुसार उचित रीते ते दुःखनुं निवारण करे छे.

इतिशम्.

लेखक,

**मुनिमहाराज श्री कर्पूरविजयजी महाराज.**

## અઢાર પાપસ્થાનક.

" પહિલું પ્રાણાતિપાત "

' પાપ સ્થાનક. '

( રાગ—સોરઠ )

પ્રાણી પાપસ્થાનક પહિલું હિંસા ટાળીએરે
શુદ્ધ ધર્મ વર્ત્તવું બિજ દયા નિત્ય પાળીએરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયા ત્યાગી જગ જીવો હણુતા,
મરણુ અનંત લહે ભવ ભમતા,
પરમાત્માના શુભ વાકય શાસ્ત્ર નિહાળીએરે. પ્રાણી૦ ૧

હિંસક કર્મ કર્યું એકવારે,
હોય વિપાકે દશ ગણું ભારે,
સહસ્ર કોડી ગણું તિવ્રભાવ સંભાળોએ રે. પ્રાણી૦ ૨

માત પિતાના લાડ ન ભાળે,
જન્મથી દુઃખ દાળિદ્ર પ્રજાળે,
વ્હાલા વૃંદ તણો વિયોગ અકાળે ભાળીએરે. પ્રાણી૦ ૩

હિંસા ભગિની બૂરિ અતિસે,
વૈશ્વાનર[1] અંતરમાં દિસે,
કરતી અન્યાય અપાર અધર્મ નિહાળીએરે. પ્રાણી૦ ૪

સુભુમ બ્રહ્મદત્ત પાપાચરતા,
રૌદ્રધ્યાન પ્રમત્ત રહિ મરતા,
નરક અતિથી નૃપના હાલ નિહાળીએરે. પ્રાણી૦ ૫

મર કેતા દુઃખ થાય અનંતુ,
હણુતા કેમ દુભાય ન જંતુ,
આત્માવત્ ગણી સર્વની જયણા પાળીએરે. પ્રાણી૦ ૬

ક્ષમા પુત્રી વિવેક વરાવે,
દયા વંત વરતા જસભાવે,
હિંસા બલા દૂર થતિ તવ ભાળીએરે. પ્રાણી૦ ૭

સહૂને વ્હાલા પ્રાણ નિહાળી,
સમ ભાવે રહેવું સંભાળી,
તજી હિંસા જીનવર આણા "દુર્લભ" પાળોએરે. પ્રાણી૦ ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મેતા
વલા.

---

૧ ક્રોધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાનવીર રત્નપાળ.

(અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૯ થી શરૂ.)

## કથારંભ.

આ ભરત ક્ષેત્રમાં **પાટલિપુત્ર** નામે એક નગર છે. તે ઇંદ્રની નગરી **અમરાવતીની** સાથે સ્પર્ધા કરનારી સમૃદ્ધિ અને શોભાનું સ્થાનરૂપ હતું. તેની પ્રજાની અંદર **લક્ષ્મી** અને સરસ્વતી પરસ્પર એક સાથે રહેવાનો વિરોધ છોડી પ્રીતિથી રમતા હતા. તે નગરમાં **વિનયપાળ** નામે એક રાજા હતો. તે પોતાની ઔરસ પ્રજાની જેમ સર્વ પ્રજાને સ્નેહ ભરેલી દૃષ્ટિથી જોતો હતો. તેનામાં રાજાના છન્નુગુણો વિદ્યમાન હતા, તેથી તેણે ઉજ્વળ યશ મેળવ્યો હતો. ઘણા પરાક્રમવાળા અને સૂર્યના જેવા પ્રતાપી તે રાજાએ સર્વ શત્રુઓને ત્રાસ પમાડયા હતા.

**રાજા વિનયપાળ**

તે રાજા વિનયપાળને તેના કુલરૂપી આકાશમાં ઉદ્યોત કરનાર સૂર્ય જેવો **રત્નપાળ** નામે એક કુમાર થયો હતો. તે કામદેવના જેવો રૂપાળો અને કાર્ત્તિકેય સ્વામીના જેવો પરાક્રમી હતો. અનુક્રમે બહોંતેર કલાઓને સંપાદન કરી તે રાજકુમાર કામદેવની ક્રીડાના વનરૂપ અને યુવતિજનને પ્રીતિજનક એવા યૌવનવયને પ્રાપ્ત થયો.

આ અરસામાં **હંસપુર** ના રાજા **વીરસેને** પોતાની પુત્રી **શ્રૃંગારસુંદરીનો** સ્વયંવર મહોત્સવ આરંભ્યો. રૂપ, સૌભાગ્ય અને ભાગ્ય વગેરે ગુણોથી સર્વ દેશોમાં વિખ્યાત થયેલા રત્નપાળને રાજા વીરસેને દૂત મોકલી સ્વયંવર મંડપમાં આવવાનું આમંત્રણ કર્યું. કુમાર રત્નપાળ પિતાની આજ્ઞાથી સૈન્ય લઇને હંસપુર તરફ આવ્યો. બીજાપણ હજારો મોટા પરાક્રમી રાજાઓ દુતોવડે આમંત્રણ કરવાથી મહાન્ ઊત્સાહ ધરી મોટા સૈન્યોની સાથે તે સ્વયંવરમાં હાજર થયા.

**શ્રૃંગારસુંદરીનો સ્વયંવર.**

જ્યારે સ્વયંવરનો શુભ દિવસ આવ્યો, ત્યારે તે સર્વ રાજાઓ પોશાકના મોટા ઠાઠમાઠ સાથે સપરિવાર આવી મંડપમાં ગોઠવેલા માંચાઓ ઉપર આવીને બેઠા. આ સમયે ચોસઠ કળામાં પ્રવીણ અને અંગમાં સર્વ શુભ લક્ષણોને ધરનારી રાજકુમારી શ્રૃંગારસુંદરી પોતાના અંગપર અદ્‌ભુત શ્રૃંગાર ધારણ કરી અને હાથમાં વરમાળા લઇ સખીઓથી પરિવૃત થઈ સ્વયંવર મંડપમાં દાખલ થઇ. તે વખતે જાણે ત્રણ જગતને જિતનારી કામદેવની મૂર્ત્તિમાન્ શક્તિ હોય, તેવી તે દેખાતી હતી.

આ સમયે અતિ ચતુર વાણી બોલનારો એક પ્રતિહાર રાજકુમારીની આગળ આવી ઊભો રહ્યા અને ત્યાં બેઠેલા પ્રત્યેક રાજાના નામ, વંશ વગેરેનું કીર્ત્તન આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે કરવા લાગ્યો—"હે સુંદર ભ્રગુટીવાળી રાજબાળા, આ શૂરસેન નામે કાશીના મહારાજા છે. આ પરાક્રમી રાજા ગંગા નદીના પૂરમાં હંસની જેમ સ્વેચ્છાથી ખેલે છે."

પ્રતિહારના આ વચનો સાંભળી " કાશી નિવાસીઓ લોકોને ઠગવામાં ઘણાં ચતુર છે, "

આટલું કહી રાજકુમારીએ કાશીપતિ ઉપર પોતાની નાપસંદગી સૂચવી દીધી.

પછી પ્રતિહારે બીજા રાજાને ઉદ્દેશીને કહ્યું," રાજકુમારી, આ મધુવર્દ્ધન દેશના મહા રાજા મધુ છે, તેઓ ઘણાં બળવાન્ અને મધુર વાણી બોલનારા છે, આ યોગ્ય મહારાજાને પસંદ કરો. "

" જાણે કાલિય નાગના ઝેરથી થયું હોય તેવું યમુના નદીનું કાળું પાણી અને વૃંદાવન જેનું ક્રીડા સ્થાન છે, તેને મારે વધારે શું કહેવું " આમ ઉપહાસ્યના વચનો કહી રાજકુમારીએ તે રાજાપર પોતાની અરૂચિ સૂચવી દીધી.

પ્રતિહાર ત્રીજા રાજાને ઉદ્દેશીને બોલ્યો. " રાજપુત્રી, આ કુંકણ દેશના બળ નામે રાજા છે. તે બળવાન્ પુરૂષોની સીમા છે તેના ભયથી ઇંદ્ર અદ્યાપિ સમુદ્રમાં સંતાઇ રહેલા પર્વતોની પાંખો કાપી શકતો નથી. "

" કુંકણ દેશના લોકો વિના કારણે ક્રોધ કરનારા છે, તેથી પગલે પગલે ક્રોધ કરનારા આ રાજાનો અનુનય કરવાની મારામાં શકિત નથી. નીતિમાં લખે છે કે, કારણ વગર ક્રોધ કરનાર સ્વામીનું અને અન્ય પુરૂષમાં આસકત થયેલી સ્રીનું મન પ્રસન્ન કરવાને ઇંદ્ર પણ સમર્થ થઇ શકતો નથી. " આ પ્રમાણે કહી રાજકુમારીએ પોતાનો અભાવ પ્રદર્શિત કર્યો.

તે પછી ચતુર પ્રતિહારે ગૌડ, માળવ વગેરે આઠ દેશોના રાજાઓના ભુજાબળ, તેજ અને ધૈર્ય વગેરે ગુણો વર્ણન કરી બતાવ્યા, ત્યારે રાજકુમારી શ્રૃંગારસુંદરીએ તે આઠે દેશના જુદા જુદા દોષ આ પ્રમાણે જણાવ્યા "ગૌડ દેશના લોકો કાર્ય કરવામાં કુશળ હોય છે, પરંતુ તેઓ બહુ ખાનારા છે, માળવાના લોક દુષ્ટ છે, ટક્કાના લોકો સ્વાર્થી છે, ખસ દેશના લોકો જડ બુદ્ધિવાળા છે, દક્ષિણીઓ ધૂતારા છે, લાટ દેશના માણસો ફક્ત વાણી બોલવામાં ચતુર છે, કર્ણાટકી ક્રૂર છે અને ગુજરાતીઓ પ્રાયે કરી હૃદયમાં ગૂઢ વૈર રાખનારા છે. " આ પ્રમાણે સર્વ ગુણ સંપન્ન એવા વરની ઈચ્છા રાખનારી તે રાજબાળાએ તે આઠે દેશના સામાન્ય દોષ બતાવવાનો પ્રત્યુત્તર આપી પોતાની અરૂચિ જણાવી દીધી. જે જે રાજાનું ઉલ્લંઘન કરી શ્રૃંગાર સુંદરી આગળ ચાલતી, ત્યારે તે તે રાજાનું મુખ રાહુએ ગ્રાસ કરેલા ચંદ્રના જેવું શ્યામ થઇ જતું હતું.

પ્રતિહારે આગળ ચાલતાં રાજકુમાર રત્નપાળને જોઇને કહ્યું. " રાજબાળા, નેત્રોને અમૃતના અંજન રૂપ એવા આ રાજકુમાર તરફ જૂવો. આ કાર્ત્તિકેયના જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાક્રમી રત્નપાળ નામે કુમાર છે. તેઓ [illegible]લીપુત્ર નગરના રાજા વિનયપાળના પુત્ર છે. આ પ્રતાપી રાજકુમારને વરી તમારા [illegible] કરો.” રાજકુમારીએ રત્નપાળ કુમારની સામે જોયું. તે કામદેવ જેવા સુંદર કુમારને જોઈ ઉન્નત મેઘને જોનારી મયૂરીની જેમ શૃંગાર સુંદરી હ્રદયમાં અત્યંત ખુશી થઇ ગઇ. બીજા રાજાઓ તરફ ભ્રમણ કરીને અતિ શ્રાંત થયેલી તેની દૃષ્ટિ સર્વ ગુણોના આવાસ રૂપ એવા તે રાજકુમાર ઉપર વિશ્રાંતિ પામી ગઇ. પછી સર્વ રાજાઓ જોતાં શૃંગાર સુંદરીએ પૂર્વ જન્મના સ્નેહને લઇ રાજકુમાર રત્નપાળના કંઠમાં વરમાળા આરોપણ કરી. તે વખતે ‘ કુલ શીલ વગેરેથી ઉત્તમ એવા આપણ આટલા બધાં નજરે જોતાં આ બાલક રાજકન્યાને પરણી જાયતો આપણું પાણી ઉતરી જશે. ” આવું વિચારી બીજા બધા રાજાઓ એક થઇ ગયા. જ્યારે એક સરખું દુઃખ આવી પડે છે, ત્યારે બધાને સહજ મૈત્રી થઇ જાય છે. રાજા વીરસેન સર્વ રાજાઓને સૈન્ય સહિત વિફરેલા જોઇ પોતાના જમાઈની રક્ષા કરવા માટે સાવધાન થઇ મોખરે ઉભો રહ્યો. જેમના હ્રદયમાં માત્સર્ય ભાવ ઉત્પન્ન થયેલો છે. એવા તે અવિચારી રાજાઓએ એક થઇ વિચારી રાજા વીરસેનને આ પ્રમાણે જણાવ્યું. “ હે રાજા ! આ રાજકુમાર રત્નપાળની પાસેથી ખુંચી લઇ તારી આ ગુણ-રત્નની ભૂમી રૂપ કન્યાને અમારા માંહેલા એક જણને આપ ગધેડાને રત્નની માળા જેમ અયોગ્ય છે, તેમ આ તારી સુંદર શૃંગાર સુંદરી આ રાજ બાલકને અયોગ્ય છે. અમારાથી એ સહન થઇ શકશે નહીં. ” રાજા વીરસેને જવાબ આપ્યો કે, સ્વયંવરની એવી રીત છે કે, અનેક રાજાઓ મોટા મનોરથો કરતાં સ્વયંવર મંડપમાં આવે છે, પણ પૂર્વના પુણ્યવાળો એકજ રાજકુમાર રાજકન્યાને પરણે છે. અને બીજાઓ હ્રદયમાં રોષ-તોષ લાવ્યા વગર જેમ આવ્યા તેમ પાછા ચાલ્યા જાય છે. તમે બધાઓ સ્વયંવરના એ સર્વ સિદ્ધ વ્યવહારને જાણો છો, તેથી તમારે આ ભાગ્યાધીન એવા કાર્યમાં રોષ-તોષ કરવો ઘટે નહીં. વળી નીતિકાર લખે છે કે, “ લોકો નીચી દ્રષ્ટિએ જોઇ સ્વેચ્છા પ્રમાણે પ્રિય વાંછે છે, પણ ભાગ્યની અપેક્ષા કરનાર દૈવ તેમને જુદી રીતનું ફળ આપે છે. ”

આ વખતે રાજકુમાર રત્નપાળે જણાવ્યું કે, “ હવે રાજકન્યા મને વરી ચુકી છે. દુર્ભાગ્ય આપનારા દૈવ ઉપર ગુસ્સો કરવો, એ તમને ઘટિત નથી.” આ વચન સાંભળતાં રાજાઓને વિશેષ ક્રોધ ચડયો અને તત્કાળ તેઓ રત્નપાળને મારવા તૈયાર થઇ ગયા. આ દેખાવ જોઇ રત્નપાળ ખેદ પામી વિચારમાં પડયો. “અરે ! શાંતિ કરવા જતાં આતો ઉલટો વેતાળ ઉત્પન્ન થયો, આ મંગલિક પર્વમાં ભયંકર યુદ્ધનો પ્રસંગ આવ્યો એ તો હર્ષને સ્થાને ખેદ અને ભોજન વખતે છીંક આવવા જેવું થયું. મને લાગે છે કે, આ કન્યા કોઈ નઠારા નક્ષત્રમાં પાકેલી છે. તેથી તે પોતે કાલ રાત્રિની જેમ પૃથ્વી ઉપર સુભટોની શ્રેણીઓને સંહાર કરવા અવતરેલી છે.” આ વખતે રાજકન્યાં શૃંગારસુંદરી પણ વિચારમાં પડી કે, ‘ આ કાલપ્રલયનું કારણ હું પોતે બની છું,’ આવું વિચારી તે પોતાના પૂર્વ કર્મની નિંદા કરવા લાગી. પછી તરતજ બુદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચલાવી મનમાં વિચાર કરી તેણીએ પોતાના વિચાર ચાર પ્રકારની બુદ્ધિના નિધાન રૂપ એવા સુબુદ્ધિ મંત્રીને એકાંતે જણાવી દીધા. પછી દૂર ઉભી રહી તેણીએ યુદ્ધ અટકાવવા ઉંચો હાથ કરી ઊશ્કેરાએલા સર્વ રાજાઓને સ્પષ્ટ વાણીથી આ પ્રમાણે કહ્યું," રાજાઓ, તમે મારે માટે જે આ યુદ્ધનો સમારંભ કરો છો, તે મોટા પર્વતને ખોદી ઉંદર કાઢવા જેવું થાય છે. બીજાના તેજને નહીં સહન કરનારા શૂરવીરો માત્ર વચન ઉપરથી હઠ લઇ દેશ, ખજાનો અને સૈનિકોનો ક્ષય કરે છે, એ ઘણી દીલગિરીની વાત છે, તેથી આ કલહ છોડી દો. અને જે કોઇ બળવાન્ રાજાને મને પરણવાની ઈચ્છા હોય તે મારી સાથે અગ્નિમાં પ્રવેશ કરી બળી મરે."

રાજ કુમારીના આ વચનો સાંભળી સર્વ રાજાઓ યુદ્ધ કરતા અટકયા અને વિસ્મય પામી પરસ્પર વિચારમાં પડી ગયા, છેવટે તેમણે વિચાર્યું કે, " મરેલો માણસ કદિ પણ મોટા ઉત્સવમાં પાછો આવવાનો નથી અને જો માણસ જીવતો હોય તો તે અનુક્રમે સૈકડો કલ્યાણ મેળવી શકે છે. આપણ બધા પૂર્વના પુણ્યોથી અત્યારે સર્વ પ્રકારના સુખો ભોગવીએ છીએ, હવે આપણે માત્ર એક સ્રીની ખાતર શા માટે મરવું જોઈએ.? તેવી રીતે મરવાથી આત્માની હાનિ થાય છે અને લોકોમાં ઉપહાસ્ય થાય છે; તેથી આપણે મરવાનો વિચાર કરવો નહીં. આ રાજકુમારને કન્યાને માટે મરવાધો. તે કાળના કટાક્ષમાં આવ્યો છે." આવો વિચાર કરી તે રાજાઓમાંથી કોઇ રાજકન્યાની સાથે મરવાને તૈયાર થયો નહીં. પછી શૃંગાર સુંદરીએ રાજકુમાર રત્નપાળની સાથે બુદ્ધિથી સંકેત કર્યો અને તેણીએ ત્રણ ઉપવાસ કરી સાથે સરિતાના તીર ઉપર વાસ કર્યો. તે ઠેકાણે મોટા કાષ્ટો અંગાવી એક ચિતા રચી અને તેની નીચે મંત્રી સુબુદ્ધિની મારફત માણસો પાસે એક મોટી ગુપ્ત સુરંગા ખોદાવી રાખી સર્વ રાજાઓની સમક્ષ સ્નાન કરી અને દીન લોકોને દાન આપી શૃંગાર સુંદરી અને રાજકુમાર રત્નપાળ બંને ચિતામા પેસી ગયા. નગર જનો હાહાકાર કરવા લાગ્યા, અને પાસે રહેલા રાજપુરૂષોએ ચિતા ઉપર અગ્નિ પ્રગટાવ્યો. ચિતા ઉપરથી બલવા લાગી અને રાજકુમાર અને રાજકન્યા નીચેની સુરંગને માર્ગે થઇ ગુપ્ત રીતે રાજગૃહમાં આવી દાખલ થઇ ગયા. રાજા વીરસેન ચિતા બળી ગયા પછી દરબારમાં આવ્યો અને ખેદ અનેવિસ્મય પામેલા નગર જનો પોત પોતાને સ્થાને ચાલ્યા ગયા. આ દેખાવ જોઇ સર્વ રાજાઓ "આપણાં હઠથી બીચારી રાજકન્યા અને રાજકુમાર મૃત્યુ પામ્યા" એમ પશ્ચાત્તાપ કરતા પોત પોતાની રાજધાનીમાં પાછા ચાલ્યા ગયા.

બીજે દીવસે રાજાએ રાજકુમાર અને રાજપુત્રીને ઉંચો પોશાક પહેરાવી તે નદીના તીર ઉપર ગુપ્ત રીતે મોકલી દીધા. પછી રાજા વિવિધ વાજિત્રોના મોટા નાદથી ભૂમિ અને અંતરીક્ષને બધિર કરતો પરિવાર સાથે સામૈયું લઈને ત્યાં ગયો. તે બંને દંપતિને એક પદ હસ્તી ઉપર બેસારી ચામરો ઢોળાવી ઈચ્છાનુસાર દાન આપતો સહર્ષ હૃદયે અતિશય ઉત્સવ પૂર્વક પાછો નગરીમાં તેમનો પ્રવેશ કરાવતો હવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વખતે મોટો દરબાર ભર્યો અને તેની અંદર સંભ્રમથી આવી રાજ કુમારને ઉત્સંગમાં બેસારી સર્વ સભ્યો સાંભળે તેમ રાજા આ પ્રમાણે પુછવા લાગ્યો—"વત્સ, તમો બંને અગ્નિમાં પેશીને શી રીતે જીવ્યા? અને આવો ઉંચી જાતનો દિવ્ય પોશાક તમોને શી રીતે પ્રાપ્ત થયો?" રાજકુમારે જણાવ્યું," મહારાજા, અગ્નિ દાહ કરનારો છે, પરંતુ તે શીલ સત્વથી શોભનારા પ્રાણોઓને કદિ પણ બાલતો નથી. અમારા બંનેનું નિઃસીમ સત્વ અને અતિ નિર્મલ શીળ જોઇ ઈંદ્ર પોતાની પ્રિયા સાથે પ્રસન્ન થઇ ગયો. તત્કાળ જવાળાઓથી ભયંકર એવા અગ્નિમાંથી અમોને લઇ તે ગુણિ વત્સલ ઇંદ્ર દેવતાઓની પાસે અમોને સ્વર્ગમાં લઇ ગયો. તે સ્વર્ગમાં ઇચ્છા પ્રમાણે સર્વાંગ સુખને પ્રાપ્ત કરનારા દેવતાઓ દુષ્પ્રાપ્ય એવા અલ્પ પુણ્યોથી પૂર્વના સત્કર્મને ભોગવે છે. આ લોકના સમગ્ર સુખને ભોગવનારા જે રાજા વગેરે છે, તેઓ ત્યાંની જ ધન્ય સમૃદ્ધિનો શતાંશ પણ ભોગવતા નથી. સર્વ દર્શનીય પદાર્થોના અવધિ રૂપ એવા તે સ્વર્ગને જોઇ અમો બંનેએ માન્યું કે, વિધાતાએ લીધેલો અમારી દૃષ્ટિની સૃષ્ટિનો શ્રમ સફલ થઇ ગયો. મહારાજા, તે દેવતાઓ એવી મોટી સમૃદ્ધિથી હર્ષ પામેલા રહે છે, તોપણ તેઓ નવું પુણ્ય મેળવવાને માટે પુનઃ મનુષ્ય લોકમાં આવવાને ઇચ્છે છે. ( તેને માટે સ્થાનાંગ સૂત્રમાં પણ કહેલું છે કે, " દેવતાઓ મનુષ્યભવ, આર્યક્ષેત્ર અને સત્કુલ એ ત્રણની ઈચ્છા રાખે છે. ") મહારાજા, પછી સંતુષ્ટ.થયેલા ઈંદ્રે મને વરદાન આપ્યું કે, " વત્સ, તને સર્વ પૃથ્વીનું શત્રુ રહિત રાજ્ય પ્રાપ્ત થશે. " આ પ્રમાણે કહી તેણે મને આ સર્વ ઉંચી જાતનો દિવ્ય પોશાક આપ્યો. ઇંદ્રાણીએ રાજકુમારીને વરદાન આપ્યું કે, " હે શુદ્ધશીલે, તું અખંડ સૌભાગ્યને પ્રાપ્ત થા. " એમ કહી તેણીએ પણ તેને દિવ્ય પોશાક આપ્યો. પછી બીજાના દુઃખથી હૃદયમાં દુઃખી થનારા ઇંદ્રે સંતતિના વિરહના અદ્ભુત દુઃખને નહીં જાણનારા તમારા માતા પિતાને તમારા વિયોગનું દુઃખ ન થાઓ. " એવું કહી દેવતાઓની મારફત અમોને સત્વર આ મનુષ્ય લોકમાં મોકલી દીધા. " રાજ સભામાં કહેલો આ વૃત્તાંત લોકોમાં પરંપરાથી પ્રસરી ગયો અને તે પેલા સર્વ વિરોધી રાજાઓના સાંભળવામાં આવ્યો. તે સાંભળી તેઓ પોતાને નિઃસત્વ પણાને લઈને સારા ફલની અપ્રાપ્તિથી વંચિત થયેલા માનવા લાગ્યા, અને તેથી ખેદ પામી પોતાના દુર્ભાગ્યને નિંદવા લાગ્યા.

આ પ્રમાણે પોતાની પુત્રીના લગ્નોત્સવમાં આવેલ વિઘ્ન નાશ પામવાથી હૃદયમાં ખુશી થયેલા વીરસેન રાજાએ શુભ દિવસે લગ્નનો મહોત્સવ આરંભ્યો અને તેમાં રૂપ સૌભાગ્ય અને લાવણ્યથી મૂર્તિમાન્ કામદેવના જેવા રાજકુમાર રત્નપાળની સાથે પોતાની કન્યા શૃંગાર સુંદરીનો વિવાહ કર્યો હતો.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## 'અપ્રશસ્ત અને પ્રશસ્ત ચાર દશાઓ.'

(મંદાક્રાંતા.)

નિદ્રાવસ્થા જગત સહુને ઢાંકતી અંધ સાડી,
સ્વપ્નાવસ્થા અથલ કરતી દુર્વિકલ્પાત્મ તાડી;
હું ને મારૂં વિકલકૃતિ આ જાગૃતિમાં વિનાસે,
વંદું ઉજા–ગર સ્વરૂપને જ્ઞાનનેત્રી સકાશે.

'જય.'

# विविध–वचन.

## कर्म बलवान्, के उद्यम बळवान्.

कत्थ वि जीवो बलीओ, कत्थ वि कम्माइ हुंति बलियाइं ।
जीवस्स य कम्मस्स य, पुव्वनि बद्धाइं वेराइं ॥ १ ॥

કોઈ ઠેકાણે, કોઇ કાળે જીવ બલવાન્ થઇ કર્મ શત્રુઓનો પરાજય કરે છે, ત્યારે, કોઇ સ્થાને, કોઇ સમયે કર્મો પ્રબળ થઇ અનંત શકિત ધારક આત્માને પણ દબાવી દે છે. એમ જીવ અને કર્મોનો અનાદિ કાળથીજ વૈર ભાવ બંધાયલો છે માટે જ્યારે જેનું જોર અધિક થાય છે, ત્યારે તે બીજા દુર્બલને દાબવાનો પ્રયત્ન કરે છે.

कम्मवसा खलु जीवा, जीव वसाइं कहिं चि कम्माइं ।
कत्थइ धणिओ बलवं, धारणिओ कत्थई बलवं ॥ २ ॥

પ્રાયઃ કરીને જીવો કર્મને વશ જ વધારે છે, પણ કોઇક વખતે. કોઇક સ્થાને કર્મો પણ જીવને વશવર્તી થઇ જાય છે. કેમકે એ કુદરતનો અનાદિ નિયમ જ છે કે, કોઇ સ્થાને ધારક બલવાન્ હોય છે, તો કોઇ ઠેકાણે ધારણીય–ધારણ કરવા લાયક (વસ્તુ) બલવાન્ હોય છે. કોઇ વખતે ગાડું નાવમાં તો, કોઇ વખતે નાવ ગાડામાં.

कम्मं जइवि जिआणं, भवं भमंताणं देइ अइदुक्खं ।
तहवि निहणेइ सव्वं धम्मस्स उवक्कमो तं पि. ॥ ३ ॥

યદ્યપિ કર્મો ભવ–ભૂમાં ભ્રમણ કરતા જીવ મુસાફરને અતિશય દુઃખ દે છે, અત્યંત હેરાન કરે છે, તથાપિ જ્યારે જીવ પરભાવ–રમણ રૂપ બેશુદ્ધપણું છોડી, સ્વ સ્વભાવ–લીન રૂપ હુસિયારી આદરી, શુદ્ધ ધર્મમાં ઉદ્યમવંત થાય છે, ત્યારે કર્મો બિચારા કંગાલ કૂતરાની માફક નીચી પુંછડી કરી પલાયમાન થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कहमन्नहा अणंताऽणंत भवसंचि अणऽणंताणि ।
कम्माणि निहिणिऊणं संपत्ता सासयं मुक्खं ॥ ४ ॥

જો એમ ન હોય—જીવ કર્મોનો નાશ ન કરી શકતો હોય—તો અનંતાઅનંત ભવોમાં સંચિત—ભેગાં કરેલાં અનંત કર્મ પુંજો—અનંતી કર્મ વર્ગણાઓ—નો નાશ કરી, અનંત આત્માઓ અક્ષય, અનંત શાશ્વત સુખનું સ્થાન જે મોક્ષ—મંદિર તેને કેમ પ્રાપ્ત થયા ?

चुलणी दढप्पहारी, कुकम्मकारी वि इह उवक्कमओ ।
सिद्धिं गया च सग्गं, चिल्लाइतणओ अ रोहिणिओ. ॥ ५ ॥

ચુલણી જેવા, અને અત્યંત ક્રૂર કર્મકારી દ્રઢ પ્રહારી સમાન પાપી પ્રાણિઓ પણ આ સંસારમાં પ્રવર પ્રાક્રમ—ઉદ્યમના પ્રતાપે કર્મ શત્રુઓનો નાશ કરી સિદ્ધિપદને પામ્યાં છે, તથા ચિલાતિ પુત્ર અને રોહિણિય ચોર જેવા દુષ્કર્મી જીવો પણ ઉદ્યમનાજ યોગથી સ્વર્ગ—સુખનો અનુભવ કરી રહ્યાં છે.

ता चेवऽणिट्ठनिट्ठुर कम्मखयट्ठा उवक्कमो निच्चं ।
धम्मात्थिएहिं किज्जइ एवं हि उवक्कमो बलवं. ॥ ५ ॥

માટે અનિષ્ટ અને મહા ક્રૂર એવાં કર્મ રૂપ શત્રુઓનો સંહાર કરવા માટે ધર્માર્થી પુરૂષો બલવાન્ એવાં ઉપક્રમ—ઉદ્યમને જ નિરંતર કર્યા કરે છે.

णेअणवसणधणज्जण परआवज्जणवि पक्ख दलण मुहं ।
विज्जारज्जादाणप्पमुहं पि हु उज्जमा चेव ॥ ७ ॥

નાના પ્રકારના પટ્રસવાળાં નિરંતર ભોજન કરવાં, અનેક જાતિના બહુ મૂલ્ય, અલ્પભારવાળાં ઉંચા વસ્ત્રો પહેરવાં. પર પક્ષનો આર્જવ કરવો, શત્રુ પક્ષનો સંહાર કરવો. વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, છન્દશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર આદિ વિવિધ વિષયોમાં પારગામી પણું, રાજયમાન્ય અને જનમાન્ય અધિકારોનું આધિપત્ય પામવું ઇત્યાદિ સર્વ કાર્યો ઉદ્યમ કરવાથીજ થાય છે.

उद्यमः खलु कर्तव्यो मार्जारस्य निदर्शनात ।
जन्म प्रभृति गौर्नास्ति दुग्धं पिबति नित्यशः ॥ ८ ॥

મનુષ્યોએ નિશ્ચય કરીને ઉદ્યમ કર્યા કરવું અને તેમણે બિલાડીના આચરણથી એ પાઠ શિખી લેવો જોઇએ. જુઓ બિલાડીને ત્યાં કાંઇ ગાય બાંધેલી નથી. પણ તે રોજ તમારી મનુષ્યોની માફકજ દુધ પી ને મોજમાં ફરતી ફરે છે, એ પ્રતાપ ઉદ્યમ દેવનોજ છે.

सर्वे कर्मसु सदैव देहिना, मुद्यमः परमबान्धवो मतः ।
यं विना हृदयवाञ्छितान्यहो, नाप्नुवन्ति नियतं यदि स्थिरा ॥ ९ ॥

સર્વ કર્મમાં—સઘળાં કાર્યોમાં દેહધારી આત્માઓનો ઉદ્યમ જ પરમ બાંધવ—ઉત્કૃષ્ટ મિત્ર છે. ઉદ્યમ વિના મનોવાંછિત ફળ—ઇચ્છિત કાર્યની સિદ્ધિ—કોઇ. પણ કાળે, કોઇ પણ પ્રાણીએ પ્રાપ્ત કરી નથી. ઉદ્યમવડે જ દરેક કાર્યની સિદ્ધિ થાયછે, નહિ કે મનોરથોથી. उद्यमेन हि सिध्द्यंति कार्याणि न मनोरथैः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जत्थ विविहे वि विहिए, उवक्कमे नेव सिज्झए कज्जं ।**
**कम्मं तत्थ समत्थं, तिव्वं समवस्स ज्ञुत्तव्वं ॥ १० ॥**

જ્યાં અનેક પ્રકારનાં ઉદ્યમો કર્યાં છતાં પણ જો કાર્યની સિદ્ધિ ન થાય, તો, ત્યાં તીવ્ર-કર્મો જ સમર્થ—બલવાન્ છે એમ સમજવું, અને તે અવશ્ય ભોગવવાં લાયક છે, ભોગવ્યાં વિના છુટકો જ નથી, એમ જાણી સમભાવે તે અશુભ કર્મોનું વિપાક-ફળ ભોગવી લેવું, એજ સમ્યકત્વ-ધારી ધીર અને વિવેકી પુરૂષોનું પરમ કર્ત્તવ્ય છે. જ્ઞાની અને અજ્ઞાની આત્માઓમાં એ જ ફરક છે, કર્મફળ તો બન્નેને સરખું જ મળે છે, પણ જ્ઞાની આત્માઓ સમભાવે, ઉદયમાં આવે તેમ, તત્કર્મજન્ય દુઃખને વેદી લે છે, અને અજ્ઞાન આત્માઓ અધીર થઇ અનેક પ્રકારનાં હાયતોબા કરી, અંતે કર્મરાજના કારાગારનું દારૂણ દુઃખ ભોગવે છે, અને એમ કરી તેઓ બીજાં નવાં દુઃકર્મોનો સંચય કરી લે છે.

**वीरजिणो नीअकुले, मल्ली इत्थी परिक्खिनिव मरणं ।**
**तह नंदिसेण-अद्दय-कुमार पडणं च कम्मवसा. ॥ ११ ॥**

મહાવીર પ્રભુનું નીચ કુળમાં-દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં અવતરવું, શ્રી મલ્લિનાથ તીર્થંકરનું સ્ત્રીપણે ઉત્પન્ન થવું, પરિક્ષિત રાજાનું મરવું નંદિષેણ આદ્રકુમાર જેવા મહામુનિઓનું સંયમથી પતન-યોગભ્રષ્ટ થવું, એ બધો કર્મરાજનો પ્રાબલ્ય છે. જ્યારે એવા આદર્શ પુરૂષોનાં પણ કર્મરાજાએ એ હાલ કર્યાં છે, તો બીજા પામર પ્રાણીઓનો તો હિસાબ શું છે. **नमस्तुभ्यं कर्मराज ! ! !**

એવા જ મતલબનો એક બીજો પણ સુભાષિત છે. યથા—

**दृग्नाशो ब्रह्मदत्ते भरतनृपजयः सर्वनाशश्च कृष्णे,**
**नीचैर्गोत्रावतारश्चरमजिनपतेर्मल्लिनाथे ऽबलात्वम् ।**
**निर्वाणं नारदेऽपि प्रशमपरिणतिः स्याच्चिलातीसुतेऽपि**
**इत्थं कर्मात्मवीर्ये स्फुटमिह जयतः स्पर्द्धया तुल्यरूपे ॥**

બ્રહ્મદત્ત ચક્રવર્તીના નેત્રનો નાશ થયો, ભરત ચક્રવર્તીનો પરાજય થયો. કૃષ્ણવાસુદેવનો પોતાના દેખતાં દેખતાં દ્વારકા નગરીનું દહન, યાદવ કુળનું ભસ્મીભૂત થવું. ચરમ તીર્થંકર મહાવીર પ્રભુનું હીનકુળમાં જન્મવું, મલ્લિનાથ પ્રભુનું સ્ત્રીપણે અવતરવું, એ બધા કર્મ પ્રાબલ્યના દ્રષ્ટાંતો છે, તથા નારદ જેવા કલહ પ્રિય પ્રાણીનું પણ મુક્તિગમન, ચિલાતિપુત્ર સમાન પાપીને પણ પરમપ્રશાંતપણું પ્રાપ્ત થવું, એ બધા ઉપક્રમ-ઉદ્યમ પ્રાબલ્ય-સુચક ઉદાહરણો છે. એથી જ એમ કહેવામાં આવે છે કે—

**कत्थ वि कम्मं कत्थ वि उवक्कमो होइ इह बलिओ ।**

કોઇ ઠેકાણે કર્મ અને કોઇ સ્થાને ઉપક્રમ-ઉદ્યમ-વીર્ય બલવાન્ છે,—આ પ્રકારે કર્મ અને વીર્ય-ઉદ્યમ, એ બન્ને એક બીજાની સ્પર્દ્ધા કરતા થકા તુલ્યરૂપે આ જગતમાં જયવંતા વર્તે છે.

**(आचार प्रदीप-श्री रत्नशेखरसूरिः)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ' અંતરાત્માના ઉદ્દગાર '

( વિષમ હરિગીત )

અનુભવ તણા પરિપાક સંગે સાધ્યદૃષ્ટિ બની રહે,
પરમાર્થ પંથે અડગ રહેતાં આત્મશુદ્ધિ સંવહે;
અનિવૃત્તિ કરણે અંતરાત્મા હર્ષ ગર્જારવ કરે,
સુખ દુઃખના આસ્વાદ સંગે વિષમ દૃષ્ટિ પરિહરે.

' જય '

# क्षमापना अथवा खामणां.

## લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

" खामेमि सव्व जीवे, सवे जीवा खमंतु मे;
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झ न केणइ. "

હું સહુ જીવોને ખમાવું છું, સહુ કોઇ મુજને ખમો, સર્વ પ્રત્યે મ્હારે મૈત્રી ભાવ છે. કોઇ સાથે મ્હારે વૈર–વિરોધ નથી.'

મ્હારા આત્માને કર્મના ભારથી હળવો કરવાની બુદ્ધિથી સહુ પૂજ્ય ૧આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક પ્રમુખ વડીલ પુરૂષોને તેમજ સુશિષ્ય સાધર્મિક 'કુળગણાદિ' ગુણીજનોને ખમાવવાને હું ઉજમાળ થાઉં છું. સદ્દગુણ નિધાનો! જેમને અજ્ઞાન–અવિવેક વશ થઇ મ્હેં કષાયિત કર્યા છે–કર્યા હોય તેમને સહુને હુ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. આપ સહુ મ્હારી સઘળી કસુરોની માફી આપશો. ફરી એવી કસુરો મ્હારાથી બનવા ન પામે એવી ઇચ્છા પુર્વક આપ સહુની પાસે હું માફી માગી લહું છું. પવિત્ર જૈન શાસનના આધારરૂપ ઉત્તમ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ! આપ સહુ જૈન શાસનના મુગટ મણિરૂપ છો. આપને આપના પવિત્ર ગુણોને લીધે શ્રી તીર્થંકર મહારાજ પણ પ્રશંસે છે. તેવા આપના ઉત્તમ ગુણોની અનુમોદના કરવાથી અને બની શકે તેટલું તેનું અનુકરણ કરવાથી જરૂર સ્વશ્રેય થઇ શકે એમ છે છતાં મોહવશ મ્હેં આપની જે અવગણના કરી હોય તે બદલ આપ સહુને હું ત્રિવિધે ત્રિવિધે ફરી એવી અવગણના નહિં કરવાની બુદ્ધિ પુર્વક ખમાવું છું તે આપ સહુ ઉદાર દીલથી ખમશો. સઘળી જીવ રાશિમાં આત્મત્વ સમાન છતાં સ્વાર્થવશ ભૂલી જઇ જે જે જીવોની વિરાધના કરી હોય તે તે સહુને હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. સહુ કોઇ મારી થયેલી કસુરોની માફી આપો. હું પણ એજ રીતે સહુ કોઇને માફી આપવા ઉજમાળ થયો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ ' આયરિય ઉવઝાએ ' એ પવિત્ર સુત્ર વચનના બહુમાન પૂર્વક હું ખામું છું.

૨ સંવત્સરી ખામણાના સંખ્યાબંધ પત્રોનો ઉત્તર બીજી રીતે જ્યારે હું વાળી શકતો નથી ત્યારે સ્વસ્થાને રહયો છતો સહુ પૂજ્ય સદ્‌ગુણી સાધુ મહાશયોને તેમજ શ્રાવક સદ્‌ગૃહસ્થોને આ નાનકડા પણ ઉપયોગી લેખવડે જ અંતઃકરણથી નમ્ર ભાવે ખામણાં કરી લેવા મેં દુરસ્ત ધાર્યું છે. સહુ કોઇ આ મ્હારાં કરેલાં ખામણાં સ્વીકારી મને વિશેષ આભારી કરશો. ઇતિશમ્.

# વિવિધ સદુપદેશ.

( સંગ્રાહક ડી. જી. શાહ. માણેકપુરવાળા )

૧ ધર્મથી રહિત કાર્ય કરવાથી કદાચ પુષ્કળ વસ્તુનો લાભ પ્રાપ્ત થતો હોય તોપણ મનુષ્યે તે પ્રમાણે કરવું ઉચિત નથી. કારણ કે ધર્મનો ત્યાગ કરીને કાર્ય સાધવું તે પરિણામે હિતકારી થઇ શકે નહિ.

૨ સંતોષ રૂપી અમૃતથી તૃપ્ત થએલા અને શાન્ત ચિત્તવાળા પુરૂષને જે સુખ મળે છે, તે લોભરૂપી પાશમાં સપડાઇને દોડાદોડ કરનારા મનુષ્યોને મળી શકતું નથી.

૩ જેઓ નિન્દા કરનાર અને સ્તુતિ કરનારને સમાનજ ગણે છે, તેવા શાન્તિવાળા અને મનને જીતેલા પુરૂષોજ શુભગતિને પ્રાપ્ત થાય છે.

૪ સુખનું મુળ સંતોષ અને દુઃખનું મુળ અસંતોષ છે. માટે સુખની આકાંક્ષાવાળા મનુષ્યોએ સંતોષવૃત્તિ ધારણ કરવી.

૫ સર્વ કાર્યોનો ત્યાગ કરીને ધર્મ સાધન કરવું. મહાન્ દુઃખના પ્રસંગોમાં આવ્યા છતાં પણ જે ધર્મનો ત્યાગ કરતો નથી તે જ ધર્મ જાણનાર અને આદરનારાઓમાં શ્રેષ્ટ છે.

૬ જે ઉત્તમ પુરૂષો છે તે સર્વ કોઇનું ભલું કરવાનીજ આકાંક્ષા રાખે છે.

૭ શાન્તિ રાખવી એ શ્રેષ્ટ ધર્મ છે. ક્ષમા એજ શ્રેષ્ટ બળ છે આત્મજ્ઞાન એજ શ્રેષ્ટ જ્ઞાન છે. અને સત્ય એજ શ્રેષ્ટ વ્રત છે.

૮ સદ્‌ગુણ અને પ્રમાણિકપણાના માર્ગથી કદીપણ આડા જવું નહિ, એજ સુખી થવાનો ઉત્તમ ઉપાયછે.

૯ જે નાના કામમાં વિશ્વાસુ છે, તે મોટામાં પણ તેવો થશે; અને જે નાના કામમાં અવિશ્વાસુ છે, તે મોટા કામમાં પણ અવિશ્વાસુજ નિવડશે. ( અપૂર્ણ. )

# ' અમારો સત્કાર. '

**ભાઇબંધ " જૈન હિતેચ્છુ " માસિકના ચાલતી સાલના જુન માસના અંકમાં નીચે મુજબનો સ્વીકાર અને અવલોકન કરાયેલ છેઃ-**

" આત્માનંદ પ્રકાશ "-ભાવનગર શ્રી ' જૈન આત્માનંદ સભા ' તરફથી ૧૦ વર્ષથી નીકળતા આ માસિક પત્રના છેલ્લા વૈશાખના અંકમાં " અધ્યાત્મરસિક શ્રીમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્ દેવચંદ્રજી કૃત શ્રી સીમંધર સ્વામીને વિનંતિ" એ મથાળાનું કાવ્ય અને તે પર સંક્ષિપ્ત વિવેચન આપ્યું છે, તે વાંચવા જોગ છે; જો કે એ અધ્યાત્મી મહાત્માના સાદા જેવા દેખાતા શબ્દોની અંદર છુપાયલું ગૂઢ રહસ્ય પ્રકાશવાની કોશીશ કરાઇ નથી. 'પ્રાચીન ભાવના' નો લેખ પણ ઠીક લખાયો છે. 'સાત ક્ષેત્ર' ના લેખમાં હાલનાં જૈન મંદીરોની અવ્યવસ્થા વગેરે સંબંધમાં કેટલીક હિતકર સલાહો આપી છે. 'પવિત્ર જીવન અને તેની પ્રતિજ્ઞાઓ' માં સામાન્ય ઉપદેશ સારો છે પણ એ સાત પ્રતિજ્ઞાઓ જે અનુક્રમે ગ્રહણ કરવાની કહી છે, તે અનુક્રમ એક આંતર પ્રકાશવાળો વિચારક જૂદી જ રીતે આપે. 'વર્તમાન સમાચાર' પુરતા પ્રમાણમાં નથી આવતા એ ઠીક થતું નથી. એકંદરે માસિક સારૂં છે, અને કેટલીકવાર એના વિચારો વિવેકી સુધારાની તરફેણના હોઇ જૈન સંઘને ફાયદાકારક છે.

# ગ્રંથાવલોકન.

**મનુષ્યને યોગ્ય કુદરતી ખોરાક**—એ બુક શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના ઓનરરી મેનેજર તરફથી અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલી છે. જીવદયા જ્ઞાન પ્રસારક મંડળનું ખાતું હાલ મુંબઇમાં છે. અને તેના તરફથી જીવદયા માટે અનેક પ્રયાસો થાય છે. હિંદુસ્તાનમાં દરવર્ષે લાખો જીવોની થતી હાની ઓછી કરવા-અટકાવવા માંસાહારથી થતી હાની લોકોને સાબીત કરી નિર્દોષ પ્રાણીની થતી હિંસા અટકાવવા, અને તે વિષયને લગતાં પુસ્તકો ચોપાનીયા, હેન્ડબીલો વગેરે છપાવી વિના મૂલ્યે જનસમાજમાં વહેંચવા અનેક પ્રયાસો થાય છે. તે વિષયની ઉકત બુક વિના મૂલ્યે મોટી સંખ્યામાં વહેંચવામાં આવેલ છે.

આ ફંડના ઓનરરી મેનેજર ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદ મુંબઇનો આ કાર્યમાં મહદ્ પ્રયાસ છે જે સ્તુતિપાત્ર છે અને તેઓને ધન્યવાદ ઘટે છે. આ ખાતાને જૈન તેમજ જૈનેતર દરેક બંધુઓએ અવશ્ય સહાય આપવાની જરૂર છે,

**જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડનો પર્યુષણ અંક**—અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલો છે. આપણી શ્રીમતી કોન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થતું આ વાજીંત્ર દશ વર્ષથી પ્રસિદ્ધ થાય છે જેમાં બે વર્ષથી એટલે કે તેના તંત્રી મી૦ મોહનલાલ દલીચંદ દેશાઇ બીએ. એલ. એલ. બી. નીમાયા ત્યારથી આ આ માસિકે નવીન સ્વરૂપ ધારણ કરેલું છે, અને ત્યારથી તેમાં સુધારો વધારો થતો આવ્યો છે. ઉકત તંત્રીના પ્રયાસથી આ વર્ષમાં પણ—આ પર્યુષણનો અંક જુદા જુદા લેખકોના લેખોથી ભરપુર પ્રસિદ્ધ થયેલો છે. આ પ્રકારની આ નવીન શૈલી આવકારદાયક છે. જેમાં કેટલાક લેખો તો બહુજ ઉત્તમ રીતે લખાયેલા છે જે ખરેખરા વાંચવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મગાવો. તૈયાર છે. જલદી મંગાવો.

# " આત્મોન્નતિ. "

યાને.

## સર્વજ્ઞ પ્રણીત સ્યાદ્વાદ દર્શન સ્વરૂપ.

જિનવચનામૃત મહોદધિમાંથી ધુરંધર ગીતારથ પૂર્વાચાર્યકૃત વચન તરંગ બિંદુરૂપ અમૃતમય કૃતિના આધારે તૈયાર કરેલ. તત્ત્વજ્ઞાનના અનેક વિષયો જેવા કે જગતકર્તા ઇશ્વર નથી, ઇશ્વરાવતાર વિષે જૈન ધર્મની માન્યતા, જગતનું અનાદિત્વ, દ્રવ્ય તથા પરમાણુનું સ્વરૂપ, કર્મ અને આત્માનું સ્વરૂપ અને તેનો સંબંધ, ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ, શુદ્ધ દેવગુરૂ અને ધર્મનું સ્વરૂપ, મનુષ્ય જીવનની ઉત્તમતા શાથી છે? જગત શું છે અને તેની વિચિત્રતાનું કારણ, ક્રિયામાર્ગનું સ્વરૂપ પુણ્ય પાપની ચતુર્ભંગી, આત્મોન્નતિના સુબોધક માર્ગો,રસાયણ વિદ્યા ઉપરથી જૈનધર્મના નિયમો અને સિદ્ધાંતોની સાબીતી અને મળતાપણું, પદાર્થોનું અનાદિપણું વગેરે ૧૧૪ વિવિધ વિષયોથી ભરપુર છે. એક વખત વાંચવો શરૂ કર્યો તે પૂર્ણ કર્યા શિવાય રહેવાતુંજ નથી. આ ગ્રંથની, શ્રી ગીરનારની યાત્રાના પ્રસંગમાં એક મહાન આચાર્ય અને સત્ય ધર્મના જીજ્ઞાસુ શોધકચંદ અને સત્યચંદ્રના પાત્રો કલપી પ્રશ્નોત્તર રૂપે બહુજ સુંદર અને સરલ ભાષામાં યોજના કરી છે. સાથે સાથે કેટલેક સ્થળે ગીરનારજીનું પણ અદ્ભુત અને આનંદ જનક વર્ણન અને નેમીશ્વર ભગવાનની સ્તુતિ દાખલ કરવામાં આવેલ છે, જે બહુજ આનંદ ઉત્પન્ન કરે તેવું છે.

આ લેખને મનન પૂર્વક વાંચવાથી આર્હત શાસનના તત્ત્વો સહેલાઇથી સમજી શકાય તેમ છે, તેમજ સત્ય ધર્મનું સ્વરૂપ પ્રગટ થાય છે; અને હૃદય નિશંક બની આત્મ સ્વરૂપનું જ્ઞાતા બને છે.

સાંપ્રતકાળે પ્રવૃત્તિનું ચક્ર વેગવાળું છે અને જીવનકાળ અલ્પ છે, તેવા સમયમાં જૈનાગમરૂપ મહોદધિનું મથન કરવું અશકય છે, તેથી સાર રૂપે આ ઉત્તમ પદ્ધતિથી લખાયેલા આવા લેખો જૈન તેમજ જૈનેતર જીજ્ઞાસુ વર્ગને વિશેષ ઉપયોગી થઇ પડયા સિવાય રહેશે નહીં.

ઉકત ગ્રંથ ડેમી આઠ પેજી ૪૦ ફારમનો ઊંચા કાગળો ઉપર સુંદર ટાઈપથી છપાવી પાકા બાઈન્ડીંગથી અલંકૃત કરવામાં આવ્યો છે. સર્વ મનુષ્યો લાભ લઇ શકે તેવા ઉદ્દેશથી માત્ર નામની મુદલ કરતાં પણ ઓછી કિંમત ૦–૧૦–૦ દશ આના (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે.

For Private And Personal Use Only